ગાંધીનગર સમાચાર

તા. ૧૪-૩-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### કાગડા બધે જ કાળા

આમ આદમી પાર્ટી વિશે દેશના લોકો ખોટા ભ્રમમાં ન રહે એની કાળજી ખુદ આમ આદમી પાર્ટી જ લઇ રહી છે. એ પણ બીજા રાજકીય પક્ષો જેવો જ એક સત્તાધારી પક્ષ છે, એની પ્રતીતિ કરાવતી પાર્ટીના આગેવાનોની ગોલાલડાઈ હવે ચેનલે ચઢીને દેશના ખૂણે ખૂણે કેજરીવાલ સહિતના એના બહુચર્ચિત નેતાઓનો અત્યાર લગી ઢંકાયેલો ચહેરો ખુલ્લો કરી રહી છે. જે લોકો રાજકારણની આવી આંટીઘૂંટીઓથી સુપરિચિત છે એમને આવી બાબતો પ્રકાશમાં આવે કે ન આવે એથી કોઈ જ ફરક નથી પડતો. એ લોકો તો પહેલાંથી જ બધા રાજકારણીઓને એક જ માળાના મણકા સમજે છે. પરંતુ ભળાભોળા કોમનમેન માટે કહેવાતા શુદ્ધ નેતાઓની પોલ ખૂલે એ બીના ઘણી પીડાદાયક નીવડતી હોય છે. એથીય વધુ નોંધપાત્ર બાબત તો એ છે કે રાષ્ટ્રીય ફલક પર ચીલાચાલુ રાજકારણની સામે સિદ્ધાંત અને સેવાને વરેલાં નવલોહિયા કોમનમેન - લોકનેતાઓ ઊપસી રહ્યાં હતા એમની છબી સાવ જ ધૂમિલ બની જતાં ફરી એક વાર દેશમાં કોંગ્રેસ જ ભવિષ્યના વિકલ્પ તરીકે બેઠી થાય, એવા માહોલ સરજાવા લાગ્યો છે. અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, કુમાર વિશ્વાસ અને યોગેન્દ્ર યાદવ કે પ્રશાંત ભૂષણ આમ આદમી પાર્ટીના પાયાના પથ્થર છે. એમણે પ્રજાનો વિશ્વાસ કેળવવા પહેલાં તો અણ્ણા હજારેના ખભે બંદૂક મૂકીને ભડાકા કર્યા. રામલીલા મેદાનના અણ્ણા આંદોલનમાં કિરણ બેદી પણ એમનાં સિનિયર સાથી હતા. વહીવટીતંત્રમાં પેઠેલો સડો દૂર કરવા માટે કિનારે બેસીને દેશભક્તિનાં ગીત ગાવાથી ભલીવાર નહીં આવે - એવી કેજરીવાલી સમજણ ભલે અણ્ણાના ગળે ન ઉતરી હોય પરંતુ દિલ્હીની પ્રજા તો એમની આ વહેવારું રણનીતિના સમર્થનમાં જ રહેશે એ પ્રતીતિ દિલ્હી વિધાનસભાની બેઉ ચૂંટણીઓમાં સાચી ઠરી હતી. કેજરીવાલ જનસાધારણની સમસ્યાઓના ઉકેલ માટે ઝઝૂમતા અદના જનનાયક તરીકે ઊપસી આવ્યા હતા, તે ત્યાં સુધી કે આખા દેશમાં મોદી મોજું હિલોળા લઇ રહ્યું હતું ત્યારે પણ દિલ્હીના મતદારોએ કેજરીવાલની પડખે રહેવાનું નક્કી કર્યું હતું. પાર્ટીમાં અરવિંદ કેજરીવાલ સર્વ સ્વીકૃત હીરો તરીકે ઉપસી આવ્યા તે એમની સાથે પાર્ટીની રચનામાં અગત્યની બૌદ્ધિક ભૂમિકા ભજવાનાર સેફોલોજિસ્ટ-રાજનીતિશાસ્ત્રી અરવિંદ કેજરીવાલ મોદીની જેમ જનનાયક બની ગયા હતા અને એમનામાં 'પોતે જ પાર્ટી' એવો અહંકાર પણ આવી ગયો હતો. એથી એમને પોતાની મનમાની ચલાવીન આડેધડ કાર્યક્રમો આપ્યા. ૪૯ દિવસમાં જ કોંગ્રેસના સમર્થનથી ચાલતી સરકારનો જાતે જ ઘડોલાડવો કરી દીધો. એટલું ઓછું હોય એમ વારાણસીમાં મોદી સામે બાથ ભીડવાનું દુ:સાહસ કરી બેઠા. યોગેન્દ્ર યાદવ પાર્ટીના સ્ટ્રેટેજિસ્ટ હતા અને શાંતિભૂષણ તથા પ્રશાંતભૂષણની પિતાપુત્રની જોડી પાર્ટીના બધાંરણથી લઈ એની સામે આવતાં તમામ વ્યવધાનોમાં ધારાશાસ્ત્રી-કાયદાકીય રક્ષાકવચ પૂરું પાડતી હતી. બૌદ્ધિકો વધુ પડતાં સંવેદનશીલ હોય છે એન એકાધિકારવાદના વિરોધી હોય છે. કેજરીવાલે એમનું આગવું રજવાડું ઊભું કર્યું તે આ ત્રિપુટીને સ્વાભાવિક રીતે જ ન ગમે. પરિણામે જે મનોમાલિન્ય સરજાયું તે આજે વિવિધ પ્રકારે અભિવ્યક્ત થઇ રહ્યું છે. પાર્ટી બે જૂથોમાં વહેંચાઇ ગઇ છે અને જાહેરમાં એકમેકની જાંઘ ઊઘાડી કરવા મચી પડી છે. કેજરીવાલે પોલિટિક્સ અફેર્સ કમિટીમાંથી યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણને સાદી બહુમતીના જોરે દૂર કરાવીને લાંબા ગાળાનું જોખમ વહોર્યું છે. એક વાર તદન સામસામા લડ્યા હોય તો પણ ઘડાયેલા રાજનેતાઓ આવાં આત્યંતિક પગલાં લેતાં સત્તરવાર વિચાર કરતા હોય છે. પરંતુ કેજરીવાલ એન્ડ કંપની પાસે એવી પરિકલ્પના શોધી જડે એમ નથી. એમણે એક પછી એક આક્ષેપોની ઝડી વરસાવી દઈ આ બેઉ નેતાઓને પાર્ટીમાંથી કાઢી મૂકવાની પેરવી કર્યે રાખી છે. ગત ચૂંટણીમાં યોગેન્દ્ર અને પ્રશાંતે પાર્ટીને હરાવવાની અને ભાજપને જિતાડવાની વ્યૂહરચા કરી હોવાના તથા પાર્ટીને ફંડ મળતું અટકાવવાના પ્રયાસો કર્યા હોવાના પુરાવા સાચા હોઈ શકે છે. પરંતુ એમના તમામ પ્રયાસો છતાં પાર્ટીનો ઝળહળતો વિજય તો થયો છે. હવે એ દાટેલાં મડદાં ઉખેડવાથી શો ફાયદો? સામે યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત પાસે પણ કેજરીવાલની સત્તાલાલસા અને પાર્ટીનાં ફંડમાં કરાયેલા ગોટાલાના ઢગલાબંધ પુરાવા છે. કેજરીવાલે લોકસભાની ચૂંટણીમાં પાર્ટીને મળેલી કારમી હાર પછી સુષુપ્ત વિધાનસભાને જીવંત કરાવી કોંગ્રેસના ધારાસભ્યો ફોડી લાવી ફરીથી મુખ્યમંત્રી થવા જે હવાતિયાં માર્યા હતાં, તેની ખુદ તત્કાલીન 'આપ' ધારાસભ્ય રાજેશ ગર્ગે સીડી બનાવી હતી. હવે ગર્ગ મેદાનમાં આવ્યં છે અને કેજરીવાલ સાથે થયેલી વાતચીતની ઓડિયો ટેપ સંભળાવી રહ્યા છે. કોંગ્રેસ કેજરીવાલને ફરીવાર સરકાર બનાવવા ટેકો આપવા તૈયાર નહોતી એટલે કેજરીવાલ કોંગ્રેસના આઠ પૈકી છ ધારાસભ્યોને લાલચ આપીને ફોડવા માગતા હતા. ત્રણ ધારાસભ્યો મુસલમાન હોઇ ભાજપને કયારેક ટેકો નહીં આપે - એવી ચર્ચા પણ એમણે કરી છે. 'આમ આદમી પાર્ટી' પણ બીજી રાજકીય પાર્ટીઓ જેવી જ ગંદી-ગોબરી નથી શું?

# જીવનની પ્રથમ જાહેર પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પર સીસીટીવી કેમેરારૂપી માનસિક અત્યાચાર

### કુમળીવયના માનસપટલ પર સમાજ, સરકાર, શિક્ષકો અને વાલીઓએ સીસીટીવી માટેનું બિહામણુ દશ્ય રજુ કર્યુ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં શરૂ થયેલી બોર્ડની પરીક્ષામાં સીસીટીવી દ્વારા સતત નિરીક્ષણ થઈ રહ્યું છે. જે માટે સરકારે તમામ શાળાઓમાં સીસીટીવી અથવા ટેબ્લેટ ફરજયાત કર્યુ છે. આ સીસીટીવી કેમેરાની હકારાત્મક અસરો સમજી શકાય તેમ છે પરંતુ તેનુ નકારાત્મક પાસુ હચમચાવી મુકે તેવુ છે. કુમળી વયમાં જીવનની પહેલી પરીક્ષા આપવા જઈ રહેલા ધો. ૧૦ના વિદ્યાર્થીઓ માટે સમાજ, સરકાર અને શિક્ષકોએ એક એવુ સીસીટીવી કેમેરા વિશે બિહામણું દશ્ય ઉભુ કર્યુ છે જેનાથી આ વિદ્યાર્થીઓ માનસિક હતાશામાં ધકેલાયા હોવાનું જણાઈ રહ્યું છે. જો કે વાલીઓ પણ સતત સીસીટીવી કેમેરા વિશેની માહિતી આપી વિદ્યાર્થીઓને વધુ આહવાન કર્યા છે.

વર્ષોવર્ષથી બોર્ડની પરીક્ષા અંગેની છાપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને સમાજમાં અભ્યાસના સંપુર્ણ ક્યાસ તરીકે જણાયેલી છે અને વખતોવખત આ પરીક્ષા બાબતે સંલગ્ન તંત્ર જરૂરી ફેરફાર કરતુ આવ્યુ છે. જેમાં આ વખતે સીસીટીવી કેમેરાથી નિરીક્ષણનો પ્રયોગ કરી ગેરરીતી અટકાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. આ સીસીટીવી કેમેરા વિશે પ્રથમથી જ સંપુર્ણ માહિતી શાળામાંથી સરકાર તરફથી, સમાજ અને વાલીઓ દ્વારા વિદ્યાર્થીઓને આપી તેમનું સતત મોનેટરીંગ થશે તેવો માહોલ સર્જવામાં આવ્યો છે. પરંતુ કુમળી વયના ધો. ૧૦ના વિદ્યાર્થીઓ જીવનની પ્રથમ જાહેર પરીક્ષા આપી રહ્યા છે ત્યારે સમગ્ર વાતાવરણ સીસીટીવી કેમેરાની ચર્ચાઓથી ભરપુર રહ્યુ છે અને તે કારણે તેમના માનસપટલ ઉપર સતત સીસીટીવી કેમેરાનો હાઉ ઉભો થયાજ કર્યો છે જેથી પરીક્ષા આપતી વખતે પણ તેઓ અચુક શાળામાં લગાવેલા સીસીટીવી કેમેરા ઉપર નજર નાખી દે છે જેથી આ પ્રકારની કાર્યપદ્ધતિએ બાળમાનસ ઉપર અત્યાચારનું વરવુ રૂપ ધારણ કર્યુ છે અને માનસિક હતાશા ઉભી કરી છે.

ખરેખર સીસીટીવી કેમેરાની જરૂરિયાત ક્લાસ-૧, ૨, ૩, તલાટી તથા અન્ય ખાતાકીય પરીક્ષાઓમાં ફરજયાત રખાવી જોઈએ. વધુમાં લોકપયોગી કચેરીઓ જ્યાં છે ત્યાં સીસીટીવી કેમેરાની જરૂરિયાત છે. કે જ્યાં સામાન્ય અને મધ્યમ વર્ગનું કામ થઈ રહ્યું છે. જેમાં નાગરીકોનું કેટલુ કામ થયું કે કેવું થયું અને કેટલા સમયમાં થયું તેનું મોનીટરીંગ થઈ શકે. પરીક્ષામાં સીસીટીવી કેમેરાનો મતલબ પરીક્ષા કામગીરીમાં રોકાયેલ પોલીસ અને સમગ્ર સ્ટાફ ઉપર સરકારનો વિશ્વાસ નથી અથવા તો કાબુ નથી તેવુ તારણ નીકળે છે. આમ જરૂરી જગ્યાએ ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ થાય તે ઘણુ જ હિતાવહ હોવાનું બુદ્ધીજીવી વર્ગ માની રહ્યો છે.

# ૧૫ માર્ચથી શિક્ષકોને પેપર તપાસવા મોકલવાનો આદેશ

### દરેક શાળાના આચાર્યોને પરિપત્ર પાઠવીને આદેશ કરાયો

અમદાવાદ, તા. ૧૩

ગુજરાત અત્યારે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માંડ શરૂ થઈ છે. ત્યારે ૧૫મી માર્ચથી બોર્ડનાં પેપર તપાસવા માટે શિક્ષકોને મોકલી આપવા માટે શિક્ષણ બોર્ડ દરેક શાળાના આચાર્યોને પરીપત્ર પાઠવીને આદેશ કર્યો છે. જેનાં કારણે આચાર્ય સંઘનો દાવો છે કે ચાલુ પરીક્ષાએ શિક્ષકોની હાજરી શાળામાં જરૂરી છે. ત્યારે જો શાળાના અનુભવી શિક્ષકોને જ પેપર તપાસવા માટે મોકલી દેવામાં આવે તો શાળામાં તેમની ઘેરહાજરી માઠી અસર પડી શકે તેમ છે.

પ્રાપ્ત થતિ માહિતી મુજબ શિક્ષણ બોર્ડ દ્વારા પંસદ કરાયેલા શિક્ષકો માટે બોર્ડની પરીક્ષાના પેપર તપાસના ફરજીયાત કરાયા છે. જો કે હજી બોર્ડની પરીક્ષા માંડ શરૂ થઈ છે ત્યારે શિક્ષણ બોર્ડ રાજયની દરેક શાળાઓને પરીપત્ર પાઠવીને ૧૫મી માર્ચથી શિક્ષકોને પેપર તપાસવા માટે મોકલી આપવાનાં આદેશ કર્યો છે.

જો કે બોર્ડના આ નિર્ણયથી શાળાના આચાર્યોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમનો દાવો છે કે બોર્ડ દ્વારા શાળાના મુખ્ય શિક્ષકોની પસંદગી પેપર તપાસવા માટે કરવામાં આવી છે. જો કે અત્યારે બોર્ડની પરીક્ષા ચાલી રહી હોવાથી મુખ્ય શિક્ષકોની ઘેરહાજરીની શાળાના પરિણામો ઉપર માઠી અસર પાડી શકે છે. એક બાજુ શિક્ષણ બોર્ડ દ્વારા જે શાળાનાં પરીણામ ૩૦ ટકાથી નીચા રહે તેમની ગ્રાન્ટ કાપી નાખવાની ધમરી આપવામાં આવે છે. ત્યારે બીજી તરફ પરીક્ષા સમયેજ મુખ્ય શિક્ષકોને પેપર તપાસવા માટે બોલાવી લેવામાં આવે છે. જે યોગ્ય નથી. રાજય શિક્ષક સંઘ દ્વારા આ મામલે બોર્ડમાં રજૂઆત કરવાનો નિર્ણય કરાયો છે. તેમજ બોર્ડની પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી શિક્ષકોને પેપર ચકાસવા માટે ન બોલાવવા માટે વિનંતી કરાશે. ઉલ્લખનીય છે કે, બોર્ડની પરીક્ષાના પરીણામો જાહેર થવાના દર વર્ષ થતા વિલંબના કારણે આ વખતે શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષકોને વહેલા પેપર તપાસવા માટે બોલાવવામાં આવ્યા છે.

## ગુસ્સાવાળા બાળકના વાલીઓ માટે માર્ગદર્શન સેમિનાર

બાળકનું વર્તન માતા પિતા માટે એક મોટી સમસ્યા સર્જે છે. ઘણી વાર બાળકનો સ્વભાવ માતા પિતાને મુંઝવણમાં મુકી દે છે. આર્ટ ઓફ લીવીંગ પરિવાર દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આર્ટ ઓફ લીવીંગ પરિવાર દ્વારા આગામી ૧૫ માર્ચ રવિવારે સવારે ૯ તથા ૧૨ કલાક દરમિયાન મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ બીજા માળે અભ્યાસ કરતા બાળકોના ચિડિયા સ્વભાવને લઈને વાલીઓ માટે સેમિનાર યોજવામાં આવશે. તેમજ અગિયાર વર્ષથી વધુ ઉપરના વિદ્યાર્થીઓના માતાપિતા માટે બપોરે ૪ થી ૭ કલાક દરમિયાન સેમિનાર યોજાશે. સેમિનારમાં નાના બાળકો તોફાની અને જીદ્દી સ્વભાવના બની જતા હોય છે. કયારેક આળસુ અને મગજમાં ગુસ્સો ભરીને આક્રમક બની જાય છે ત્યારે માતાપિતા બાળકોને લઈને ચિંતિત થઈ જાય છે. બાળકો અભ્યાસ કરવાના ટેન્શનના કારણે ખોરાક પણ સમયસર લેતા નથી ત્યારે આ સમસ્યાના સમાધાન માટે સેમિનાર યોજાશે.

# સેક્ટર-૭ પોલીસે ૩૦૦ વિદ્યાર્થીઓની આર્મ્સ પ્રદર્શનની મુલાકાત કરાવી

### પ્રેરણા સ્કૂલ અને એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ જોડાઈ

ગાંધીનગર, તા. ૧૩

ઓલ ઈન્ડિયા પોલીસ કોંગ્રેસ મીટ મહાત્મા મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં સુરક્ષાને લગતા વિવિધ સાધનોનું પ્રદર્શન યોજાયું હતું. એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ અને પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પ્રદર્શનની મુલાકાત લઈ માહિતી મેળવી હતી.

વિદ્યાર્થીઓને સિક્યુરીટીઝને લગતી માહિતી મળી રહે તે માટે પ્રેરણા સ્કૂલના વિદ્યાર્થીઓને મહાત્મા મંદિરમાં યોજાયેલ પ્રદર્શનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા પ્રદર્શનમાં વિવિધ મશીનગન, ટેન્ક, સહિતના સાધનો પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે.

તેમજ મહિલા હેલ્પલાઈન ભ્રષ્ટાચાર વિરોજી બ્યુરો, પોલીસ કેડેટ્સ યોજના, સી.આઈ.ડી. ક્રાઈમ સહિતની કામગીરી નિહાળી માહિતી મેળવી હતી.

સુરક્ષા સેતુ અંતર્ગત સેક્ટર-૭ પોલીસ દ્વારા એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના ૩૦૦ વિદ્યાર્થીઓને દાંડીકુટીર, મહાત્મા મંદિર એક્ઝીબીશન અને આર્મ્સ પ્રદર્શનની મુલાકાત કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના પી.આઈ. મીની જોસેફે વિદ્યાર્થીઓને માહિતી પુરી પાડી હતી.

પી.આઈ. જોસેફે ૩૦૦ વિદ્યાર્થીઓને ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરીની વિશેષ સમજણ પુરી પાડવામાં આવી હતી. મહિલા હેલ્પલાઈન કેવી રીતે કાર્ય કરે છે તેમજ પોલીસ દ્વારા વાપરવામાં આવતા આર્મ્સની વિશેષ માહિતી આપી હતી.




ઓલ ઈન્ડિયા કેમલ આર્ટ કોન્ટેસ્ટ ૨૦૧૪-૧૫ની વર્લ્ડ લાર્જેસ્ટ આર્ટ-ચિત્રસ્પર્ધાની ગ્રાન્ડ ફાઈનલ રાઉન્ડમાં હીરામણિ સ્કૂલમાં જીઆર.કે.જી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જીયા જતીનભાઈ પટેલના ચિત્રએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગ્રુપ-એ માં પ્રથમ ઈનામ પ્રાપ્ત કરી સ્કૂલનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં ૧૦,૦૦૦ સ્કૂલના અંદાજીત ૭૫ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભારત ઉપરાંત અમેરિકા, સિંગાપોર, બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળ જેવા દેશોએ ભાગ લીધો હતો. ગ્રુપ-એમાં જીયાને પ્રથમ ઈનામ મળવા બદલ તા. ૨૭-૨-૧૫ના રોજ મુંબઈ ખાતે યોજાયેલ ઈનામ વિતરણ સમારંભમાં હિન્દી ફિલ્મના પ્રસિદ્ધ અભિનેતા ઓમપુરીના વરદહસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યુ હતુ. ગ્રુપ-એ માં પ્રથમ ઈનામ પ્રાપ્ત કરનાર જીયા ગુજરાત-ભારતની એકમાત્ર વિદ્યાર્થીની છે. જીયાને આ ઈનામ મળવા બદલ હીરામણિ સ્કૂલને ઓલ ઈન્ડિયા કેમલ આર્ટ કોન્ટેસ્ટ વતી રૂ. ૫૦,૦૦૦ રૂપિયા સુધીની ચિત્રકલાની સાધન-સામગ્રી પ્રાપ્ત થશે. જે હીરામણિ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ચિત્રકલાના વિકાસમાં ખર્ચ કરવામાં આવશે. જીયાને પ્રથમ ઈનામ પ્રાપ્ત કરવા બદલ હીરામણિ સંસ્થાના પ્રમુખ નરહરિભાઈ અમીન, ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન અમીન, શાળા નિયામક અંબુભાઈ પટેલ અને શાળાના આચાર્યશ્રીઓ-શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# પતિ-પત્ની એક સાથે પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સેકટર-૧૫ સરકારી વિનયન કોલેજમાં છેલ્લા ૨૨વર્ષથી અંગ્રેજી વિષયનું અવિરત જ્ઞાન પિરસતા અધ્યાપિકા





શ્રીમતી મમતા કુલીનચંદ્ર બુચે પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી છે. 'કમ્પેરિટીવ સ્ટડી ઓફ ભકિત એન્ડ ફિલોસોફી ઈન સમ ઓફ ધ પદાસ બાય નરસિંહ મહેતા એન્ડ ગીતાંજલિ બાય રવિન્દ્રનાથ ટાગોર' ડૉ. અલ્પેશ જોષીના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધને સિંઘાનિયા યુનિવર્સિટી રાજસ્થાને માન્ય રાખી પીએચડી પદવી એનાયત કરી છે. અમદાવાદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વાસણા, અંગ્રેજીના અધ્યાપક પ્રો. પરાગ હરિહર શુકલ અનો ડૉ. અલ્પેશ જોષીના માર્ગદર્શન હેઠળ 'કમ્પેરેટીવ સ્ટડીઓફ આર.કે.નારાયણ નોવેલ્સ એન્ડ શોર્ટ સ્ટોરીઝ એન્ડ ધેર ડ્રામેટાઈઝેશન ઈનગાઈડ એન્ડ માલગુડી ડેઈઝ' વિષય પર મહાશોધ નિબંધ સિંઘાનિયા યુનિવર્સિટી રાજસ્થાનમાં રજૂ કરતા પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. ઉલ્લેખનીય છે કે પ્રો. મમતાબેન અને પ્રો. પરાગભાઈ ગાંધીનગરના જાણીતા અંગ્રેજીના અધ્યાપક અને બંને દંપતિ છે અને તેઓ હંમેશા વિદ્યાર્થીઓના વિકાસ માટે તત્પર રહે છે.

# આજના યુગમાં માંગ : શિક્ષકનું અસરકારક નેતૃત્વ

હું નિશાળે ન ગયો
કારણ કે
મારી કેળવણીમાં
નિશાળ ખલેલ
પહોંચાડે
તેવું
હું ઈચ્છતો નહોતો !

- માર્ક ટ્વેઈન




### અદબ પલાઠી મોં પર આંગળી

- ડૉ. સંતોષ દેવકર

નેતૃત્વનો સંબંધ કોઈપણ વ્યકિત વિશેષતાએ ગુણ સાથે છે, જે દ્વારા એ અન્ય વ્યકિતઓને અથવા કર્મચારીઓને માર્ગ બતાવે છે. તેમને રસ્તો બતાવે છે. તેમના નેતા તરીકે તેમની પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. કોઈપણ વ્યવસ્થાપન માટે નેતૃત્વની આવશ્યકતા રહે છે. સંગઠન ગમે તે પ્રકારનું હોય પણ દરેકને નેતૃત્વની જરૂરીયાત રહે છે. સારાં નેતૃત્વથી તૂટતાં સંગઠનો બચાવી શકાય છે. આથી પ્રત્યેક સંસ્થા પાસે કુશળ નેતૃત્વની આવશ્યકતા છે. સંસ્થાની સફળતા કે નિષ્ફળતાનો આધાર જ નેતૃત્વ ઉપર છે. અકુશળ નેતૃત્વ એ કોઈપણ સંસ્થાની કમનસીબી છે. કુશળ નેતૃત્વનો કોઈ વિકલ્પ નથી. સંસ્થાનાં ધ્યેયો અને કર્મચારીઓને પ્રેરણા પૂરી પાડવા સફળ નેતૃત્વની આવશ્યકતા રહે છે.

શાળા એ શિક્ષકનું કાર્યક્ષેત્ર છે. વર્ગખંડમાં શિક્ષકનું સફળ નેતૃત્વ જ વિદ્યાર્થીઓને યોગ્ય દિશામાં લઈ જાય છે. શાળામાં નેતૃત્વ બદલી પરીક્ષાના પરિણામો અને પારસ્પરિક સંબંધો સુધારી શકાય છે. વર્ગખંડમાં શિક્ષકનું સફળ નેતૃત્વ જ વિદ્યાર્થીઓને યોગ્ય દિશામાં લઈ જાય છે. શાળામાં નેતૃત્વ બદલી પરીક્ષાના પરિણામો અને પારસ્પરિક સંબંધો સુધારી શકાય છે. વર્ગખંડમાં એના નેતૃત્વનું તેમજ પ્રત્યાયનની કુશળતાનું પારખું થાય છે. શિક્ષક બાળકો પ્રત્યેના નિર્વ્યાજ સ્નેહ, પોતાના વિષય પર સંપૂર્ણ પ્રભુત્વ, બાળ મનોવિજ્ઞાનની જાણકારી, વિદ્યાર્થીઓને નેતૃત્વ પૂરૂ પાડવાની કુશળતા, શૈક્ષણિક આદર્શોમાં શ્રધ્ધા, શિક્ષણ માટે ઉપયોગી સાધનો બનાવવાની અને ઉપયોગમાં લેવાની આવડત અને અજમાવવાના તથા મૂલવવાનાં કૌશલ્યો દ્વારા સ્વર્ગ બનાવી શકે છે.


શિક્ષક સમાજમાં પોતાની જાતને સમર્પિત કરીને સમાજના સંસ્કાર દેહને ઘાટ આપે છે. આવતી કાલના ભાવિ નાગરિકો તૈયાર કરે છે. શિક્ષક અને શિક્ષણતંત્રની કરોડરજજૂ છે. કોઈપણ દેશના વહીવટી તંત્રને શિક્ષકની અવગણના પોષાય તેમ નથી.

શાળામાં નવવિચારશીલ પહેલવૃત્તિ દ્વારા શિક્ષકે શાળાને વિકાસની પ્રવૃત્તું કેન્દ્ર બનાવવાનું છે. તેણે પોતે પોતાના વર્તન અંગે પણ પૂરતી સભાનતા રાખવાની છે. શિક્ષકનું વિદ્યાકીય નેતૃત્વ અંતે શાળાની સિધ્ધિઓની ગતિ અને ગુણવત્તાને ઊંચી લઈ જાય છે. સંવેદનશીલ શિક્ષકનું કાર્ય તેના નેતૃત્વ થકી જુદુ તરી આવે છે. આલ્ફર્ડના શબ્દો આ બાબતની સાક્ષી પૂરે છે. તે કહે છે કે ''નેતૃત્વ એ એવા ગુણોનું સંયોજન છે જેના પરિણામે વ્યકિત અન્ય વ્યકતઓ પાસે કશુંક કરાવવા યોગ્ય બને છે.''

નેતાગીરી કળા પણ છે અને શાસ્ત્ર પણ છે. શિક્ષકને અનુયાયીઓ નથી હોતા પરંતુ વિદ્યાર્થીઓ હોય છે. શિક્ષકને મળતા સમૂહની ઉંમર નિશ્ચિત હોય છે તેથી શિક્ષક ધાર્યુ કામ કઢાવી શકે છે. શિક્ષક નકકી કરેલ ધ્યેય ખૂબજ ઝડપથી હાંસલ કરી શકે છે. ઉંમર નકકી હોય તેવાં સમૂહ સાથે કાર્ય કરવાનું દરેક નેતાના નસીબમાં નથી હોતું.

જાહરે ક્ષેત્રમાં એકઠાં થયેલા લોકોનો સમૂહ ટોળું કહેવાય છે. કહેવાય છે કે ટોળામાં બુધ્ધિ હોતી નથી. પરિણામે તે અનેક વિધ્વંશક પ્રવૃત્તિઓ કરે છે. ટોળાને નેતૃત્વ પુરૂ પાડી ,યોગ્ય દિશા બતાવી સબળ નેતૃત્વ પુરૂ પાડે તે નેતા.

શિક્ષક વિદ્યાર્થીઓ સાથે મમતાપૂર્ણ સંબંધો વિકસાવે છે. શાળાકીય વિષયો ઉપરાંત કારકિર્દી માર્ગદર્શન પુરૂ પાડે છે. વિકટર ટયુગો લખે છે કે જે શાળા ખોલે છે તે જેલની કોટડી બંધ કરે છે. શિક્ષક એ વિદ્યાર્થીનો ફિલસૂફ, મિત્ર અને માર્ગદર્શક છે.



શિક્ષક વિદ્યાર્થીઓની શકિતને ઓળખીને, તેમને રચનાત્મક પ્રવૃત્તિઓમાં સામેલ કરી ખંડનાત્મક કાર્યો કરતાં અટકાવે છે અને સમાજને એક જવાબદાર નાગરિક પૂરો પાડે છે.

મિસરી :

'' માણસની સ્મશાનયાત્રા પણ
એના સ્ટેટસ પ્રમાણે નીકળતી હોય છે.
હૃદયરોગ પણ હવે સ્ટેટસ વાળું ઘર શોધે છે.
અત્યાર સુધી માણસને વાઘથી બચાવવો પડતો હતો
હવે વાઘને માણસથી બચાવવાનો છે.
સ્ટેટસવાળા માણસનો કૂતરો પણ
ગુજરાતી ભાષા નથી સમજતો
એનું શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં ચાલે છે.''

(કાર્ડિયોગ્રામ માંથી લે. ગુણવંત શાહ, ૧૫મી માઈલસ્ટોન આવૃત્તિ)